# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/**૦૮/ક્વા-૪/૧૯-૨૦/૯૭૬-૮ તા.૧૪-૦૨-૨૦

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, **રાજકોટ** ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૦૮/ક્વા-૪/૧૯-૨૦

અરજદાર: બીપીનભાઈ ગોકલ પરમાર ગામ -રાજકોટ **સબડીવીઝન** : કાલાવડ રોડ રાજકોટ.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી **રાજકોટ શહેર-૩**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

તારીખ: ૧૩-૦૨-૨૦૨૦ (ગુરુવાર)

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, તેઓએ નવા વીજજોડાણ મેળવવા માટે તા.૨૪–૧૨–૧૯ ના રોજ અરજી આપેલ– જેમા રેવન્યુ વિભાગમાં કોઈપણ જાતનુ બાકી લેણુ નથી, તેમ લેખીત આપેલ છે. ત્યારબાદ, ટેકનીકલ વિભાગમાં અરજી આપતા જણાવેલ કે – વીજજોડાણ મળી શકશે નહી. જેથી, અરજી સ્વીકારેલ નહી. અરજદારની સદર ઓફિસ હરભોલે આર્કેડ–૨ નામના બીલ્ડીગમાં પ્રથમ માળે દુકાન નં.–૨ સાધુ

વાસવાણી રોડ – એસ.એન.કે. સામે રજીસ્ટર્ડ દસ્તાવેજ નં. – ૭૯૮૨ તા.૨૧–૧૧–૧૯ થી ખરીદ કરેલ છે. જે ખરીદ કરતા પહેલા – પીજીવીસીએલ નુ કોઈપણ જાતનુ બાકી લેણુ નથી. તેની ખરાઈ કરાવેલ છે. તેમ છતા, વીજજોડાણ આપવાની કાર્યવાહી અટકાવેલ છે. જેથી–અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે..

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી લેખીત પત્ર તા.૩૧.0૧.૨0૨0 થી જણાવાયેલ કે- અરજદાર શ્રી બીપીનભાઈ ગોકલ પરમાર દ્વારા નવા વીજ જોડાણ ની માંગણી કરેલ જે અન્વયે કાલાવડ રોડ પેટા વિભાગીય કચેરી દ્વારા ફરિયાદ નું સુખદ નિવારણ થતા સદર બાબતે કોઈ રજૂઆત કરવાની રહેતી ન હોય તે મુજબ અરજદાર ની લેખીત સહીવાળો પત્ર. તા.૨૧.0૧.૨0૨0 રજુ કરેલ છે.

## :: હુકમ ::

3.0 ફરિયાદી અરજદાર તેમજ સામાવાળા ની રજૂઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાને આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબના તારણ પર આવી શકાય.

3.૧ અરજદાર ની રજૂઆત અન્વયે **પેરા નં ૨.0** અન્વયે અરજદારની સદર ફરિયાદનું નિરાકરણ થતા - અરજદારની લેખિત રજૂઆત તા.૨૧.0૧.૨0૨0 થી રજુ કરાયેલ છે તે મુજબ સદર બાબતે કોઈ રજૂઆત કરવાની રહેતી નથી.

3.૨ **આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય**, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

3.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| **(કે. જે. મોટાણી)** | **(જે.બી.પારેખ)** |
| **સભ્ય (સ્વતંત્ર)** | **ચેરપર્સન** |